





## મહેંદી તો વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે... મહેંદી રંગ લાગ્યો

મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં નવરાત્રી પર્વના સાતમા નવલાં નોરતામાં નવરાત્રી મહોત્સવ મેદાનોમાં ખેલૈયાઓની ભારે ભીડ ઉમટી હતી. રાસ-ગરબાની રમઝટ જામી હતી. મોડી રાત્રી સુધી શહેરમાં ગરબાના તાલે ખેલૈયાઓ મનમુકીને જુમ્યા હતા.



અરવલ્લી જિલ્લામાં અને મોડાસા તાલુકામાં આજે શકિતની ઉપાસનાનું પર્વ નોરતાની આઠમે માઈભક્તો હવન, યજ્ઞ કરશે અને નોરતાંના દરમિયાન માતાજીના અનુષ્ઠાન સહિતની પૂજા-અર્ચના પછી ધન્યતા અનુભવશે. મોડાસાના ટીટોઈમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વયંભુ આંહોજ માતાજીના મંદિરે ટીટોઈ અને આસપાસના ભક્તો અને મુંબઈ સ્થિત ટીટોઈના રહીશ માઈભક્તો વતનમાં અહીં જ નવરાત્રી પર્વ ઉજવે છે, ત્યારે આજે સેંકડો ભક્તોએ એક સાથે માતાજીની આઠમની આરતીનો લહાવો લઈ ધન્યતા અનુભવી હતી. ચાંદીની ફરતી માંડવી ફરતે ગરબા ઘુમવાનો લહાવો લેવાનું માઈભક્ત ભાઈબહેન ચુકતા નથી. માઈમંડળ દ્વારા ખૂબ સુંદર તકેદારી સાથે સુવ્યવસ્થિત રીતે અહીં નવરાત્રી મહોત્સવ રંગેચંગે ઉજવાય હતો.

# આજે દશેરા : હિંમતનગરમાં વિજયા દશમીની શોભાયાત્રા નીકળશે

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લામાં સાંગોપાંગ નવરાત્રી પર્વ પૂર્ણ થઈ ચુક્યું છે. ત્યારે આસુરી શક્તિના નાશ માટે ઉજવાતા દશેરા પર્વની ગુરૂવારે જિલ્લાભરમાં ઉમંગભેર લોકો ઉજવણી કરીને ફાફડા જલેબી આરોગશે. હિંમતનગરમાં દશેરાના દિવસે નિકળતી શોભાયાત્રા આ વર્ષે પણ નિકળશે જેમાં યુવાનો લાકડી તથા શસ્ત્રો સાથે દાવ રજુ કરીને તેઓ સાંજે મહેતાપુરા વિસ્તારમાં આવેલ હાથમતી નદીમાં જઈને રાવણ દહન કરશે.

હિંમતનગર સહીત સાબરકાંઠા જિલ્લામાં નવરાત્રી પર્વની ઉજવણી રંગેચંગે સંપન્ન થઈ છે. ત્યારે આ વર્ષે એક નોરતુ ઓછુ હોવાને કારણે આઠ દિવસની હતી. જોકે સરકારી કચેરીઓ અને અન્ય ખાનગી કચેરીઓ તથા પેઢીઓમાં ગુરૂવારે દશેરાની રજા રહેશે.

તો બીજી તરફ વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ દશેરાના દિવસે લોકો ફાફડા અને જલેબી ખાય છે. ત્યારે હિંતમનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે ફરસાણ અને મીઠાઈ બનાવતા વેપારીઓએ આગોતરૂ આયોજન કરીને મોટા જથ્થામાં ફાફડા અને જલેબી બનાવવાનું શરૂ કરી દીધુ છે. આ વર્ષે ફાફડાનો ભાવ પ્રતિ ૨૦ કિલોના અંદાજે ૩૦૦ જયારે જલેબીનો ભાવ પ્રતિ ૨ કિલોના રૂ. ૩૫૦થી વધુના ભાવે બજારમાં વેચાઈ રહ્યો છે.

એક વેપારીના જણાવાયા મુજબ દર વર્ષે સાબારકાંઠા જિલ્લામાં રહેતા લોકો દશેરાના દિવસે અંદાજે રૂ. ૧ કરોડથી વધુના ફાફડા જલેબી ઝાપટી જતા હોવાનું અનુમાન રાખીનો વેપારીઓએ અગાઉથી જ તે બનાવવાનું શરૂ કરી દીધુ છે. જોકે નવરાત્રીમાં લોકો રાત્રે પણ ફાફડા જલેબી ખાવાનું છોડતા નથી

ગુજરાતમાં નવરાત્રીના નૌમના દિવસે સાબરકાંઠાના પ્રાંતિજ અને ગાંધીનગર જિલાના રૂપાલ ખાતે નીકળલતી પલ્લી તા. ૧૮ ઓક્ટોબરના રોજ નીકળશે. જેમાં અનેક લોકો ઉપસ્થિત રહીને પલ્લી માતાના દર્શન કરી ઘી નો અભિષેક કર્યા બાદ ખાસ કરીને મુંગા પશુઓ માટે વર્ષ દરમ્યાન રાખવામાં આવેલ બાધા માનતા પલ્લી માતાજીના દર્શન કર્યા બાદ તેમાંથી મુક્ત થતા હોવાની પરંપરા આજે પણ જળવાઈ રહી છે. જે ધાર્મિક આસ્થાના પ્રતિક તરીકે માનવામાં આવે છે.



## સાતમે નોરતે મોડાસાની અલંકાર સોસાયટીના શેરી ગરબામાં મા આધ શક્તિને અન્નકુટ છપ્પન ભોગ ધરાવાયો

મા દુર્ગાનું સાતમું સ્વરૂપ કાળરાત્રીના નામે પ્રચલિત છે. આ શંભુકારી પણ કહેવાય છે. દાનવ દૈત્ય, ભૂત, પ્રેત વિગેરે તેના સ્મરણથી ભાગી જાય છે, એટલે સાતમા દિવસે વિશેષ ઉપાસના કરવામાં આવે છે, મોડાસાની અલંકાર સોસાયટીમાં શેરી ગરબા દરમિયાન સાતમા નોરતે મા આદ્ય શક્તિને અન્નકુટ છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો હતો. અહીં વિશેષતા એ હતી કે સોસાયટીમાં વસતા દરેકના ઘરેથી પ્રસાદ લાવી માતાજીને અન્નકુટ છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો હતો. ડીજેના તાલે મા ના ગરબા અને સનેડા જેવા લોકગીતના સથવારે ગરબા ઘૂમી મહા પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

## પ્રાંતિજના કાલીપુરા ખાતે મહાકાલી મંદિરે લોકમેળો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાલીપુરા ખાતે આવેલ શ્રી સુપ્રસિધ્ધ મહાકાલી મંદિર ખાતે સાતમ-આઠમનો રાત્રીનો મેળો ભરાય છે, જેમાં સાતમના દિવસે હજારોની સંખ્યામાં મા ના દર્શન કરી રાખેલ માનતા પૂર્ણ કરી માઈભકતોએ મેળાનો લાહો લીધો. પ્રાંતિજ તાલુકા કાલીપુરા-ઘડી ખાતે આવેલ શ્રી મહાકાલી માતાજીના મંદિર ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ નવરાત્રીમાં સાતમ-આઠમનો બે દિવસ્ય રાત્રીનો મેળો પ્રારંભ થયો હતો. જેમાં સાતમના પ્રથમ દિવસે આજુબાજુના માઈ ભકતો



સહિત ગુજરાત ભરમાંથી લોકો હજારોની સંખ્યામાં આવે છે અને રાખેલ માનતા બાધા પૂર્ણ કરી માના દર્શન કરી ધન્યતા અનુભવે છે. માણેલ ગરબાની માનતા પૂર્ણ કરવા માટે બે દિવસમાં મંદિર સંકુલમાં હજારોની સંખ્યામાં માટીના ગરબા અહીં આવે છે. માના દર્શન અને મેળાની મજા માણવા આજે પણ યંત્રયુગમાં લોકો દુરદુરથી આવે છે. શ્રી મહાકાલી માતાજી મંદિર ટ્રસ્ટ કાલીપુરા મંડળ તથા ગ્રામજનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર રીતે વ્યવસ્થા કરવામાં આવી છે. મેળામાં ખાણી પીણી, રમકડા સ્ટોલ, અવનવી ચીજવસ્તુઓના સ્ટોર સહિત નાનાથી મોટાં ચકડોળ સહિત મોતનો કુવો સહિતનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને રાત્રીનો મેળો ભરતા દુરદુરથી આવતા માઈભકતો આખી રાત મેળાની મજા માણે છે.

# પ્રાંતિજના બ્રહમાણી માતાના ચોકમાં પલ્લી મેળો ભરાશે

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વર્ષોથી રાત્રીના સમયે પલ્લીનો મેળો ભરાય છે જેમાં આજે પ્રાંતિજના બ્રહ્માણી માતાના મંદિરે પલ્લી મેળો ભરાશે જેમાં હજારોની સંખ્યામાં માઈભકતો ઉમટી પડશે અને પલ્લીના દર્શન કરી ધન્યતા અનુભવશે અને જય અંબે...ના ઘોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજીશે.

બ્રહમાણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર એવી વ્યવસ્થા કરવામાં આવી છે મંદિર તરફથી કોઈ પણ જાતની માઈ ભકતોને કષ્ટ ના પડે તેની ઝીણવટભરી દેખરેખ રાખવામાં આવી છે ભકતો દ્વારા પલ્લીમાં માંગેલ બાધા પૂર્ણ કરવા માટે ધી ચડાવવા માટે મંદિરમાં વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવેલ છે. જયારે આધશકિત પાર્વતીના નવ અવતોમાં દ્રિતીયમ બ્રહ્મચારીણીમ્ એ બ્રહ્માની શકિતથી ઉત્પન્ન થયેલ બ્રહ્મચારીણી એજ બ્રહમાણી રૂપે સર્વત્ર પૂજાવા લાગ્યાં અને અસુરોના સંહાર વખતે બ્રહ્માણીએ પોતાના કમંડળમાં રહેલ જળનો છંટકાવ કરીને અસુરોને શક્તિહીન બનાવી દીધા હતાં જયારે નર્મદા નદીના ચાણોદથી લઈને સાબરમતીના ઉત્તર ભાગને નૈમેષારણ્ય તરીકે ઓળખવામાં આવતું હતું જેથી પાંડવોએ અજ્ઞાત વાસ દરમ્યાન શસ્ત્રો આ ઘાઢ જંગલોમાં ખીજડાના ઝાડ ઉપર સંતાડયાં હતાં અજ્ઞાતવાસ પછી જયારે તેઓ પાછાં ફર્યા ત્યારે તેમનાં શસ્ત્રો સલામત પાછા મળ્યા તે સ્થાન રૂપાવટી નગરી એટલે કે હાલનું રૂપાલ ગામ અને માતાજીએ તેમને વિજયી થયાનું વરદાન આપ્યું તેથી રૂપાલનાં વરદાયિની કહેવામાં બીજો શસ્ત્રો સાબરમતીના જંગલમાથી પ્રાપ્ત થયા તે સ્થાનને પાંડવોએ પ્રાપ્તિપુરી નગરી વસાવી તેનું અપભ્રંશ થતાં પ્રાંતિજ નગર બન્યું. શસ્ત્રો પ્રાપ્ત થતાં પાંડવોએ યજ્ઞ કર્યો માતાજીની સોનાની પલ્લી બનાવી તેના ઉપર ચોખ્ખા ધીનો અભિષેક કર્યો ત્યારબાદ દર આસો સુદ-૯ (નુમ)ના દિવસે પલ્લી કાઢવામાં આવે છે જયારે આજના યુગમાં સોનાની પલ્લી બનાવી શકાય તેમના હોવાથી તેના પ્રતિક તરીકે ખીજડાના લાકડામાંથી પલ્લી બનાવવામાં આવે છે. પ્રાંતિજ નાની ભાગોળ પટેલવાસમાં સૌ પહેલાં રાજપૂતો અને નાગર બ્રાહ્મણો રહેતા હતા. માતાજી રાજપૂતના ઘરે કુંવારીકા રૂપે જન્મ્યાં હતાં. તેમના પિતાએ ઓજલના રીવાજને લઈ નવરાત્રીમાં ગરબે રમવા ના જવા દેતા તેવોને માઠું લાગી આવતા હાઈવે ઉપર આવેલ માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર રામ દ્વારા નજીક વાવમાં પડતું મુક્યુ હતુ. ત્યારબાદ રાજપૂતોએ વાવમાં તપાસ કરતાં ફકત થોડા ફુલો જ હાથ લાગ્યા હતાં. જયારે હાલ પલ્લી પટેલવાસમાં આવેલો છે ત્યાં પહેલાં રાજપૂતોની વસ્તી હતી એટલે માઢ પાસે આજે પણ રાજપૂતોની સ્ત્રીઓને દર્શન કરાવવાનો રીવાજ આજેય છે.



બનાસકાંઠા જીલ્લા સહિત તાલુકા મથકોએ જગત જનની મા જગદંબાના આરાધનાના પર્વ નવરાત્રીની શ્રદ્ધા અને ઉમંગભેર ઉજવણી થઈ રહી છે. ત્યારે સાતમા નોરતે પાલનપુરમાં પણ વિવિધ વિસ્તારોમાં ગરબે ઘૂમતા ખેલાડીઓ મોડી રાત સુધી ગરબાની ધુમ મચાવી હતી. જગત જનની મા અંબા જગદંબાના નવસ્વરૂપ આરાધનાના પર્વ નવલા નોરતાની ગરબાની ભક્તિપૂર્વક ઉજવણી કરાઈ રહી છે. ત્યારે પાલનપુર તાલુકાના દેવપુરા ગામમાં પ્રાચીન ગરબા સાથે ખેલૈયાઓ તાલ મેળવીને પાવન નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી. દેવપુરા ગામની મહિલાઓએ માથા પર બેડા મૂકીને ગરબે ઘૂમી મા ની આરાધનામાં જોડાઈ હતી.

## હિંમતનગરના બગીચા વિસ્તારની મહિલાનો સોનાનો દોરો લુંટાયો

હિંમતનગરના બગીચા વિસ્તારમાં રહેતા એક મહીલાના ગળામાંથી મંગળવારે અજાણ્યો શખ્સ સાડા પાંચ તોલા સોનાના દોરાની લુંટ કરી ભાગી ગયાની ફરીયાદ હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે બગીચા વિસ્તારમાં રહેતા જયંતીભાઈ ચંપકભાઈ સોનીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓ મંગળવારે સાંજના સુમારે તેમની પત્નિને એકટીવા પર બેસાડી મહેતાપુરા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે હાથમતી નદીના બેઠા પુલ પરથી જઈ રહેલા એક અજાણ્યા બાઈકચાલકે ચાલુ બાઈકે મહીલાના ગળામાં હાથ નાંખી અંદાજે રૂ. ૧.૧૦ લાખની કિંમતના સાડા પાંચ તોલા સોનાના દોરાની લુંટ કરી ભાગી ગયો હતો.







## ડીસામાં નવરાત્રીની જમાવટ

બનાસકાંઠાના ડીસા શહેરના રહીશો કોઈ પણ તહેવારની ઉમંગભેર ઉજવણી માટે જાણીતા છે.એમાંય યુવા હૈયાનાં માનીતા પર્વ નવરાત્રી વખતે તો ડીસાનું યુવાધન હિલોળે ચઢે છે.દર વર્ષની જેમ આ વર્ષે પણ ડીસા શહેરમાં નવરાત્રીની રંગત પૂરબહારમાં ખીલી છે.ડીસાના શુભમ પાર્ટી પ્લોટમાં રોટરી કલબ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં પણ રોજ મોડી રાત સુધી રાસ ગરબાની રમઝટ જામી રહી છે.રોટરી કલબનો આ નવરાત્રી મહોત્સવ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે અને આ નવરાત્રી મહોત્સવમાં ટ્રેડિશનલ ડ્રેસની ઝાકમઝોળ વચ્ચે ખેલૈયા મન ભરીને ગરબાની મજા માણી રહયા છે.